




## શ્રી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલ, રાજકોટના ઉપક્રમે


શ્રી સત્ય સાંઈ માર્ગ, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ ફોન : ૯૧-૨૮૧-૨૫૭૩૫૮૮, ૨૫૮૮૮૬૯

ફેક્સ : ૯૧-૦૭૯-૨૬૪૬૩૦૨૮ ઇ-મેલ : saihospital@gmail.com


### ગુજરાત લો સોસાયટી અને

### સ્ટેટ બેંક ઓફ ઈંડિયાના સહયોગથી

# મફત હૃદયરોગ નિદાન કેમ્પ

### (વિનામૂલ્યે જરૂરતમંદોને ઓપરેશનની સેવા)

**હૃદયની જન્મજાત ખામીવાળા જેવા કે ASD, VSD, PDA હૃદયના વાલ્વની ખામીવાળા તથા બાયપાસની (CABG)જરૂરવાળા દર્દીઓ માટે એક મફત હૃદયરોગ નિદાન કેમ્પ રાખવામાં આવ્યો છે. આ કેમ્પમાં દર્દીઓને હૃદયરોગ નિષ્ણાત ડૉક્ટરો તપાસશે અને સારવાર અંગે જરૂરી માર્ગદર્શન આપશે.બાદમાં ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓનું રાજકોટ ખાતે શ્રી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલમાં વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે.**

● કેમ્પમાં બતાવવા માટે આવતા દર્દીઓએ તેમના અગાઉના બધા રિપોર્ટ સાથે લાવવા વિનંતી ● આ કેમ્પ હૃદયરોગના હુમલાવાળા (હાર્ટ એટેકના) દર્દીઓ તથા જેમની બાયપાસ, એન્જીઓપ્લાસ્ટી તથા હૃદયને લગતા અન્ય ઓપરેશન થઈ ગયા હોય તેમના માટે નથી ● અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ દર્દીઓને જ તપાસવામાં આવશે. ● હૃદયરોગ સિવાયના છાતીના દુખાવા માટે આ કેમ્પ નથી

**કેમ્પનું સ્થળ :** ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ

**કેમ્પની તારીખ :** ૨૬ સપ્ટેમ્બર, રવિવાર, ૨૦૧૦ **સમય :** સવારે ૯ થી ૨

**રજીસ્ટ્રેશનની માહિતી માટે :** ૯૪૨૭૬૦૮૦૫૦, ૯૩૭૭૪૨૦૭૭૬, ૯૪૨૬૦૫૮૮૯૭, ૨૬૫૬૫૧૦૭ પર સંપર્ક કરવો

**નિયમો : (૧) દર્દીની આવક માસિક રૂા. ૭૦૦૦/-થી ઓછી હોવી જોઈએ. (૨) દર્દીની ઉંમર ૬૦ વર્ષથી નીચે હોવી જોઈએ. (૩) બાળક(દર્દી)નું વજન ઓછામાં ઓછું ૧૦ કિલો હોવું જરૂરી છે. (૪) ઓપરેશન અંગેનો નિર્ણય તબીબી અભિપ્રાય અને સંસ્થાની શરતોને આધિન રહેશે.**
(૫) બહેનો માટે તપાસની અલગ વ્યવસ્થા છે. (૬) ફોન ઉપર રજીસ્ટ્રેશન થશે નહી.

રાજકોટની શ્રી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં ૩,૦૦,૦૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓને હૃદયરોગની સારવાર કરવામાં આવી છે અને લગભગ ૪૫૦૦ જેટલા હૃદયના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા છે.

**સમય ૧૦-૩૦ થી ૬ | રજિસ્ટ્રેશન માટેના સ્થળો | તારીખ ૧૧ થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૦**

## નામ નોંધાવતી વખતે તમામ રિપોર્ટની એક નકલ સાથે લાવવી

## આરપાર કાર્યાલય : ૧૦૬, વિમલા કોમ્પલેક્ષ, જૂના શારદામંદિર રોડ, એલીસબ્રીજ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૬૫૧૦૭

(શ્રી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલ, રાજકોટ એ પ્રશાન્તિ મેડીકલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત સંસ્થા છે)


**કનુભાઇ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી)** : ચેરમેન, બાંકો ગ્રુપ, વડોદરા. ફોન : +૯૧ (૨૬૫) ૨૬૮૦૨૨૦/૧ ફેક્સ : +૯૧ (૨૬૫) ૨૬૮૦૪૩૩

**મનોજ ભીમાણી (જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી)** : મેનેજીંગ ડાયરેક્ટર, વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ. ફોન : +૯૧ (૭૯) ૨૬૫૬૫૧૦૭, ૨૬૫૬૪૫૯૩

ફેક્સ : +૯૧ (૭૯) ૨૬૪૬ ૩૦૨૮ મો. ૯૮૨૪૦ ૭૭૫૨૨ ઈ-મેઈલ : manojbhimani@gmail.com

ૐ શ્રી સાઈ રામ

# શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાત

શ્રી સત્ય સાઈ બાબાના નામ અને આશીર્વાદથી ચાલતી રાજકોટ ખાતેની શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ એ શ્રી સત્ય સાઈ અવતારના અનેક ચમત્કારો પૈકી એક સર્વશ્રેષ્ઠ ચમત્કાર છે!!!!

**શ્રી સત્ય સાઈ બાબા એ ભગવાનનો અવતાર છે?**

હા! શ્રી સત્ય સાઈ બાબા એ ભગવાનનો અવતાર જ છે. અવતાર દુષ્ટોના સંહાર અને ધર્મસ્થાપના માટે અવતરે છે. આજના યુગમાં દુષ્ટોની ઓળખ અશક્ય છે. બધે જ / બધાનામાં જ આ વૃત્તિ રહેલી છે માટે આ દુષ્ટવૃત્તિનો છેદ ઉડાડી (ટ્રાન્સફરમેશન દ્વારા) અને ધર્મસ્થાપનાનું કાર્ય આ અવતાર પાછલા ૮૦ વર્ષોથી કરી રહેલ છે.

"લોકકલ્યાણના કાર્યો, સમાજસુધારાના કાર્યો અનેક સંતો, મહાત્માઓ અને મહાપુરુષોએ કરેલ છે અને કરી પણ રહ્યા છે, પરંતુ શ્રી સત્ય સાઈ બાબાએ જે કર્યું છે તેની વાતો અવર્ણનીય છે, અતુલ્ય છે અને અણમોલ છે."

**શું કર્યું આ અવતારે?**

- મફત શિક્ષણ (બાળવર્ગોથી કોલેજ સુધી)
- મફત આરોગ્ય સેવા (પ્રશાંતિનિલયમ ખાતે અને દેશ-વિદેશમાં)
- સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ (પ્રશાંતિનિલયમ ખાતે, વ્હાઈટફિલ્ડ બેંગલોર ખાતે અને રાજકોટ ખાતે) બધી જ સારવાર અને ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે.
- પીવાના પાણીની સગવડ ૯૦૦થી વધુ ગામોમાં મફત સેવા.
- ચેન્નાઈની છ કરોડની વસ્તીને પીવાનું પાણી પૂરું પાડ્યું.

આ સિવાય લોકોની સામાજિક - આર્થિક પરિસ્થિતિ સુધારવા સાધનોની સહાય (જેમ કે, સાઈકલ, ટ્રાઈસિકલ, ઓટોરિક્ષા, સીવવાના સંચા વિગેરે જરૂરિયાતમંદોને), સમૂહ યજ્ઞોપવિત, સમૂહલગ્નો, નિરાધાર / અનાથ બાળકોને દત્તક લેવા, ગરીબોને મકાનો બાંધી આપવા, કુદરતી આફતો વખતે ફક્ત સહાય જ નહીં પણ વાસ્તવિકતામાં સેવા પ્રવૃત્તિઓ હાથ ધરવી વગેરે... વગેરે...

**આ બધું કોના માટે?**

લોકો માટે, ગરીબ અને અનાથ માટે.

**આ બધું શા માટે?**

અવતાર છે ને! તો સૌ પ્રથમ લોકોને ભૌતિક રીતે ઊંચા લાવી બાદમાં આધ્યાત્મિક માર્ગે આગળ લાવી ઉદ્ધાર કરવા.

**આ બધા પાછળનો હેતું :**

સમસ્તા લોકો : સુખીનો ભવન્તું

- બેઠ નહીં પણ સેવા-ભાવના
- ફક્ત વાતો નહીં પણ નક્કર કાર્યો
- કોઈ સ્વાર્થ નહીં પણ ફક્ત પરમાર્થ
- જાહેરાતબાજી કે પ્રચારનો કોઈ હેતુ નહીં

**આ બધું કોણ કરી શકે?**

આવી અશક્ય અને અઘરા કાર્યો ફક્ત ભગવાન જ કરી શકે.

આ સંગઠન દ્વારા ભારતમાં જ નહીં પણ વિશ્વના ૧૮૦ જેટલા દેશોમાં આ આધ્યાત્મિક ક્રાંતિ આગળ ધપી રહી છે.

**ગુજરાત પર એક નજર**

શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ ખાતે અત્યાર સુધીમાં ૨,૦૦,૦૦૦થી વધુ હૃદયરોગના દર્દીઓને સારવાર અપાઈ છેજ્યારે ૩૦૦૦થી વધુ હૃદયના ઓપરેશન્સ કરવામાં આવ્યા છે, એ પણ તદ્દન મફત.

- શ્રી સત્ય સાઈ નિશાળો - નવસારી, અમદાવાદ, સુરત અને રાજકોટ પાસે પીપળીયા ખાતે
- શ્રી સત્ય સાઈ દવાખાનાઓ - વડોદરા, અમદાવાદ, સુરત, નવસારી, ભરૂચ, વલસાડ ખાતે
- શ્રી સત્ય સાઈ ગ્રામ્ય આરોગ્ય કેન્દ્રો - ગુજરાતમાં ૩૫ ગ્રામ્ય વિસ્તારોમાં દવાખાના ચાલે છે, બધી સારવાર વિનામૂલ્યે.
- આ ઉપરાંત ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૪૫થી વધુ શ્રી સત્ય સાઈ સેવા સમિતિઓ કાર્ય કરે છે જે અંતર્ગત જુદી જુદી આધ્યાત્મિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- બાળકો માટે સંસ્કારભાથુ આપતી અને ભારતીય સંસ્કૃતિનું વહન કરાવતી બાલવિકાસ પ્રવૃત્તિ, યુવાનો માટે ગ્રામસેવા પ્રવૃત્તિ, મહિલાઓ માટે મહિલા વિભાગ દ્વારા મહિલાઓના ઉત્થાન અને ગૌરવની પ્રવૃત્તિ વગેરે... વગેરે....

આ અવતારનો લાભ - એમની હયાતીમાં લઈએ તો જ આપણે પરમભાગ્યશાળી ગણાઈશું. નહીંતર દુર્ભાગ્ય સેવનારાઓમાં આપણી ગણના થશે. અપીલ છે આપને - આપના નજીકની શ્રી સત્ય સાઈ સેવા સમિતિનો સંપર્ક સાધો - ઉપર જણાવેલ ટૂંકસારને ઊંડાણમાં જાણો - એક વખત પ્રશાંતિનિલયમ જઈ પ્રત્યક્ષ અનુભવ કરી આવો (ખાસ : વર્ષ ૨૦૦૯માં પ્રશાંતિનિલયમ જવા ઇચ્છતા સૌ કોઈને રેલ્વે ભાડામાં ૫૦ ટકા કન્સેશન મળશે) - શ્રી સત્ય સાઈ સાહિત્ય વાંચી જુઓ - માસિક સનાતન સારથિના ગ્રાહકનો - શ્રી સત્ય સાઈ પ્રવૃત્તિમાં જોડાઈને પોતાનો આધ્યાત્મિક ઉદ્ધાર કરો.

માનવી જીવન દરમ્યાન, આધ્યાત્મિક માર્ગે જરા પણ ન વધી શકનાર - અન્ય પશુ / પ્રાણીઓની જેમ જ જીવન પુરુ કરશે - એ માટે જવાબદાર આપણે જ - ન અન્ય કોઈ.